


## સલામી સવારની..

*વિશ્વ શાંતિના શિખરે હવે ધૂમાડો દેખાય છે!*
*જ્વાળામુખીની ટોંચે હવે ધૂમાડો દેખાય છે!*
*દેખાય છે ધૂમાડો સ્નેહ-સંબંધોની આસપાસ -*
*ને મૈત્રીના ધૂણામાંતી હવે ધૂમાડો દેખાય છે.*

હાઈકુ

*લ્યો!! લાંબી રેલી,*
*ભપકાદાર ભીડ*
*= લોકચાહના!!*

*શ્વાન સભ્યોમાં -*
*ટિકીટ રોટલાની -*
*ખેંચમતાણ!*

## ચિંતન

**અક્રોધેન જયેત્ ક્રોધમ સાધું સાધુના જયેત્ ।**
**જયેત્ કદર્યં દાનેન જયેત્ સત્યેન ચાનૃતમ્ ॥**

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવાયેલ છે.

ક્રોધ ન કરીને ક્રોધને જીતવો જોઈએ. શુભકર્મ (સાધુ)થી દુર્જન (અસાધુ)ને જીતવો જોઈએ. દાનતી કંજૂસ (કદર્થ)ને જીતવો જોઈએ. અને સત્યથી અસત્ય (અનૃત)ને જીતવું જોઈએ.

સદ્‌ગુણથી દુર્ગુણને જીતવો જોઈએ. સદ્‌ગુણોનો એવો પ્રભાવ ઊભો થાય છે કે એનાથી દુર્ગુણ પણ વશ થઈ જાય છે. બળ અને શક્તિથી તો ગમે તેવા સશક્તને પણ જીતી શકાય પરંતુ અક્રોધ અને ક્ષમાના હથિયારથી જયારે ક્રોધી પર વિજય મળે તે જ સાચો-કાયમી વિજય છે.

એ જ રીતે ભલમનસાઈથી દુર્જનને અને દાન દ્વારા કંજૂસને પાઠ ભણાવી શકાય. અસત્યનો સામનો સત્યથી જ થઈ શકે.

દુર્ગુણો પર વિજય મેળવવા માટે સદ્‌ગુણનું શસ્ત્ર જ સફળ થાય છે.

## સુવિચાર

- અંધારું અને એકાંત માનવ સ્વરુપને જેવો છે તેવો જોવાનાં બે સર્ચ એન્જિન છે - **હેન્રી હોફમેન**
- ચારિત્ર્ય એટલે પાકી બની ગયેલી ટેવ - **મુંબઈ સમાચાર**
- જીવન નાટકમાં ગમતો પાઠ હંમેશા ભજવવા ન મળે કયારેક એમાં કડવા ઘુંટડા ગળવા પડે તો જ આસક્તિ અને અહં ઓગળે - **એસ. ભટ્ટાચાર્ય**
- માનવી તો જ મહાન છે જો તે વ્યાજબીસર વર્તે - **ઈઝરાયેલી કહેવત**
- જો તું કોઈને ધિક્કારે નહિ તો તારે કદીયે માફી આપવાની જરૂર નહિ પડે - **સંત રોબિન**
- સજ્જન પુરુષો ક્ષમા વડે જ દુષ્ટ લોકો ને નિસ્તેજ બનાવી દે છે - **ભતૃહરિ**
- આજનું ઔષધ - તુલસી અને સુરજમુખીના પાન વાટીને તેનો રસ પીવાથી બધી જાતના તાવ મટે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી, પરિશ્રમનું પરિણામ 'સફળતા' જ છે. માત્ર મહત્ત્વકાંક્ષાઓ અને હવાઈ કિલ્લાથી કંઈ પ્રાપ્ત થતું નથી.

હેન્રી ફોર્ડ ખૂબ ગરીબ પરિવામાં જન્મ્યા. બાર વર્ષના થતાં જ એમને છાપા વેચવા, બાગકામ કરવા જેવી નોકરીઓ કરવી પડી હતી. દિવસે સખત નોકરી કરતા પણ રાત્રે મન દઈને અભ્યાસ કરતા, સાથે સાથે જાતજાતના મશીનોનો અભ્યાસ કરતા.

આત્મવિશ્વાસ, એકાગ્રતા, અથાગ પરિશ્રમને કારણે તેઓ કુશળ મિકેનીક બન્યા, નવા નવા મશિનો બનાવ્યા. સારી ક્વૉલિટીના એન્જીન અને પછી 'ફોર્ડ મોટર' બનાવી. માલવાહક જહાજ પણ બનાવી પૂરી દુનિયામાં 'ફોર્ડ' એક પ્રખ્યાત નામ બન્યું.

એમના કારખાનામાં એક લાખ લોકોને કામ મળ્યું. કામદારોના કલ્યાણ માટે અને કોઈ પણ જાતના ભેદભાવ વગર સામાન્ય જન પણ દવા, અભ્યાસથી વંચિત ન રહે તે માટે અબજો રૂપિયાનું અલગ 'ફોર્ડ ફાઉન્ડેશન' બનાવ્યું. 'સખત પરિશ્રમ કરનારને સફળતા મળે જ છે.' સફળ માનવીએ માનવ સેવા કરવી જોઈએ.' ફોર્ડના આ શબ્દો યાદ રાખવા જેવા છે.

# જેનેરિક ક્રાંતિની લોકસ્વીકૃતિ અશક્યવત્

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરતની સુપરસ્પેશિયાલિટી પાટીદાર હોસ્પિટલ 'કિરણ' ના ઉદ્‌ઘાટન પ્રસંગે જે સૌથી મહત્ત્વનો મુદ્દો છેડ્યો તે ગરીબ અને મધ્યમવર્ગના દરદીઓને જેનેરિક દવાઓ ઉપલબ્ધ કરાવી એમના માથે ઝઝૂમતો દવાઓનાં તોતિંગ બિલોને હળવાફૂલ કરવા વિશેનો છે. જેનેરિક દવાઓના સ્ટોર પ્રાયોગિક ધોરણે નક્કી કરાયેલી જગ્યાઓ પર ચાલુ થયા છે ખરાં, પરંતુ શું બીમાર વ્યક્તિ કે એનાં સ્વજનો એનો લાભ લે છે ? કદાચ આ પ્રશ્નનો જવાબ ખુદ વડાપ્રધાન પણ જાણે છે અને તેથી જ હવે આગામી સમયગાળામાં તેઓ જેનેરિક દવાઓ જ પ્રિસ્ક્રિપ્શનમાં લખવી પડે એવો કાયદો લાવવાનું વિચારી રહ્યા છે. જેનેરિકનો અર્થ બ્રાન્ડ વગરની દવાઓ. દવા કંપનીઓ ફાલીફૂલી છે તે એમની બ્રાન્ડના નામે એક પૈસામાં મળતી એસીપી બ્રાન્ડ નામ ધારણ કરીને બે રૂપિયામાં વેચાતી થઈ જાય છે. બ્રાન્ડનો મહિમા એવા તો વકર્યો છે કે દરદી ગમે તેટલો ગરીબ હશે તો પણ એ જેનેરિક અર્થાત્ એના મૂળ રાસાયણિક નામકરણ વાળી દવાને બદલે 'સ્ટાન્ડર્ડ' કંપનીની બ્રાન્ડ ધરાવતી દવા ખરીદવાનું જ પસંદ કરશે. મોદી આ મુદ્દે દેશભરના દવા ઉદ્યોગના માંધાતાઓની લખલૂટ કમાણી પર અને એમની દવાઓના વેચાણમાં સહભાગી બનતા કમિશનખોર ડૉકટરો પર કેવી રીતે નિયંત્રણ લાદી શકશે તે રહસ્યમય કોયડો છે. પ્રજા સમક્ષ જાહેરાત કરીને વાહવાહી મેળવી લેવી અને એ મુદ્દાનો ગ્રાઉન્ડ-રિયાલીટી લેખે અમલ કરાવવો એ બે બાબતો વચ્ચે આસમાન જમીનનું અંતર છે. આજે દેશ અને દુનિયામાં દરેક ક્ષેત્રમાં હોય, શિક્ષણ ક્ષેત્ર હોય કે ધર્મ અને રાજકારણનું ક્ષેત્ર હોય. ખેતીમાં વપરાતી પેસ્ટીસાઈડ્‌ઝ પર બ્રાન્ડેડ છે, બલકે બ્રાન્ડ વગરના બિયરણ કે કયો ખેડૂત ભરોસો કરશે કે પ્રશ્ન છે. સરકારી હોસ્પિટલ કે સરકારી શાળા કૉલેજોમાં વાલીઓ પોતાનાં સંતાનોને મૂકતા કે સ્વજનો દરદીઓને દાખલ કરતા અચકાય છે. પ્રશ્ન ગુણવત્તાનો છે અને દરેક વ્યક્તિના મન-મસ્તિષ્કમાં બ્રાન્ડની છાપ એવી દૃઢીભૂત થઈ ગઈ હોય છે કે એ ભૂંસાવી મુશ્કેલ છે. જે સ્ટેન્ટના લાખો રૂપિયા ખર્ચવા પડે છે તે જ જેનેરિક સ્વરુપે પાંચ-સાત હજારમાં મળી જાય તો પણ ખુદ દરદી અને એનાં સગાં એ સ્વીકારવા સહમત થશે ખરાં? ડૉકટરોને તો બ્રાન્ડેડ સ્ટેન્ટ કે બ્રાન્ડેડ નેત્રમણિ અને બ્રાન્ડેડ દવાઓમાંથી માતબર કમિશન મળતું હોઈ તેઓ દરદીઓને - 'ઈમ્પાર્ટેડ' અને 'બ્રાન્ડેડ' આઈટમ કે દવાની જ ભલામણ કરશે. સરકારી કાયદા અન્વયે તેઓ જેનેરિક ચીજવસ્તુઓની ચર્ચા પણ કરશે પરંતુ એમનો ઝોક તો દરદીને બ્રાન્ડેડ આઈટમ ભણી લલચાવવો જ રહેશે. શું વડાપ્રધાન એવો કાયદો કરાવી શકશે કે દેશની તમામ દવા કંપનીઓ ફક્ત્ જેનેરિક નામે જ દવાઓનું ઉત્પાદન કરે અને તે વાજબી, સસ્તા દરે જે વેચી શકાય? કદાચ દવા કંપનીઓના માંધાતાઓનો ખોફ વહોરીને વડાપ્રધાન દેશની દવાઓની બ્રાન્ડો હટાવી શકે તો પણ વિદેશી બ્રાન્ડોનું શું ? શું તેઓ દેશી દરદીઓ વિદેશી દવાઓ કે સંસાધનો વાપરી જ ન શકે એવો પ્રતિબંધ લાદી શકવાની હિંમત કરી શકશે? આ તમામ સવાલો વચ્ચેનો મધ્યવર્તી સૂર એટલો જ નીકળે કે સરકારી હોસ્પિટલો સિવાય ખાનગી હોસ્પિટલો પર આવા નિયંત્રણ મૂકવાનું અશક્ય નહીં તો અઘરું તો પડવાનું જ છે. કદાચ સંભ્રાંત વર્ગના દરદીઓ જ આવા કાનૂનમાં છૂટછાટ મુકાવવા મેદાને પડશે અને આખરે ઘીના ઠામમાં ઘી પડ્યું રહેશે.

# હું ખુશ થયો, મને રસ્તો મળી ગયો




'મનોહર શું વાત છે આજ તો તું ખુબ ખુશ લાગે છે.' સુનિલે પુછ્યું.

'હાં બન્યું છે જ કંઈક એવું.'

'શું થયું છે.'

'દોસ્ત, શું વાત કરું છેલ્લા ઘણા સમયથી હું ખુબ ડિપ્રેશનમાં રહેતો હતો. કોઈ સાથે વાત કરવી પણ ગમતી ન હતી. બહાર આવવા જવાનું પણ પસંદ પડતું ન હતું.'

'એવું કેમ?'

નિવૃત્તિ પછીનો સમયગાળો સુખેથી જીવવાની તમન્ના હતી. પણ જિંદગી જાણે જોઝખ બની ગઈ હતી. પુત્રીને પરણાવી દીધી. પુત્રી તેની પત્નીને લઈ જુદો રહેવા જતો રહ્યો.

'વાહ, તો તો પછી હું તો હું તી બે જ રહ્યા ખરું ને.'

'હાં પણ તેમાં હુંસાતુંસી થવા લાગી. હું સ્માર્ટફોન લઈ આવ્યો. વોટ્‌સએપ અને ફૅસબુક પર વ્યસ્ત રહેવા લાગ્યો. મને આ આભાસી દુનિયા સારી લાગી રહી હતી. ફ્રેન્ડ રીકવેસ્ટો આવતી ગઈ તેમ તેને હું એકસ્પેક્ટ કરતો ગયો. બહુ મજા પડતી હતી.'

'તો પછી ડિપ્રેશનનું કારણ?'

'મારી પત્ની. તેને મારા પર વહેમ પડવા લાગ્યો. રોજ રોજ મારી સાથે ઝઘડા કરવા લાગી. મેં સમજાવવાની ઘણી કોશિશ કરી પણ સમજે જ નહીં.'

'તો શું હવે સમજી ગઈ' સુનિલને આશ્ચર્ય થયું.

'ના, એમ એ કંઈ સમજે એવી નથી. વાત વાત માહં અપમાન કરતી. આગળ પાછળની વાતો યાદ કરાવી ને હું લંપટ, બિન જવાબદાર અને ઐયાસ માણસ છું એવું સાબિત કરવાની કોશિષ કરતી. હું તો ખુબ કંટાળી ગયો હતો.'

'તેથી જ હું ડિપ્રેશનમાં આવી ગયો હોઈશ ખરું ને?'

'હાં કંઈક એવું જ હતું. પહેલાં પહેલાં તો મને મારી જાત પર ખુબ જ ગુસ્સો આવતો હતો. આત્મહત્યા કરી લેવાના વિચારો આવતા. પણ એ તો કાયર લોકોનું કામ, એમ વિચારતો.' છેવટે પત્ની નેં મેં એક દિવસ કદી દીધું હું ઘર છોડીને જતો રહેવાનો છું. પછી તારે જે કરવું હોય એ કરજો.

'તો તેણે શું કહ્યું ?'

'તને મારી વાતમાં મજા પડતી લાગે છે. તે કંઈ હાર માને એમ નહોતી. તેણે કહ્યું આ ઉંમરે કોણ રાખશે?'

'વાત તો ખરો હોં.'

'ના, મેં પણ કહી દીધું. હું હરિદ્વાર જતો રહીશ ત્યાં કોઈ આશ્રમમાં રહીશ. અથવા ઘરડા ઘરમાં રહેવા જતો રહીશ. અથવા કોઈ અજ્ઞાત સ્થળે જઈ એકલો રહીશ પણ હવે આપણા બંનેનું સાથે રહેવાનું મુશ્કેલ છે.'

'ઓહ! વાત આટલે સુધી આવી ગયેલી.'

'હાં, પણ તે વખતે મને ઝાઝું કંઈ સૂઝતું ન હતું. મન અનિર્ણાયક સ્થિતિમાં આવી જતાં હું ડિપ્રેશનમાં રહેવા લાગ્યો હતો.'

'કેમ?'

'તે મને કહેતી હતી. જિંદગીભર તમે મારા જ આધારે રહ્યા છો. તણખણું તોડી બે કટકા કરવાની તમને આદત નથી. તેમાં તમારી સેવા કોણ કરશે ?'

'મુદ્દો તો એ પણ વિચારવા જેવો ખરો હોં.'

પણ મને હવે તે બધાનો ઉકેલ મળી ગયો છે. મેં મારી પત્નીને એ વાત કહી ત્યારથી એ ડિપ્રેશનમાં આવા ગઈ છે અને જો દોસ્ત હું કેટલો ખુશ છું. મનોહરે કહ્યું. એવું તે શું બન્યું ? યાર, પત્નીની સમસ્યા તો માટે પણ છે. પણ તારી જેમ હું પણ ઘણી વખત મુંઝાઉં ત્યારે તારા જેવા જ વિચાર કરું છું પણ કંઈ રસ્તો જડતો નથી. સુનિલ હળવેતી બોલ્યો.

'પણ મને જડી ગયો.'

'શું?'

'લીવ ઈન રીલેશનશિપ'

અનુસંધાન પાના નં. ૭ પર

ભગવાન મહાવીરે કહ્યું છે કે ''દુનિયામાં પ્રેમ, લાગણી, મમતા, કરુણા, દયા અને ભલાઈ માનવજાત માટે ઈશ્વરના આશીર્વાદ છે અને એનાથી વિશેષ મહાન કાર્ય બીજું કોઈ ન હોઈ શકે.''

# પ્રેમ એટલે સ્વાર્થની રેલગાડી નહીં, લાગણીનું જેટ

એકવીસમી સદીમાં માણસજાત પાસે તાણ-તણાવનો જથ્થો અમર્યાદ રીતે વધી પડ્‌યો છે. માણસ એક બીજાને સ્વાર્થ, નફરત, દ્વેષ, ધૃણા અને ધિક્કારની નજરે જ જોવાનું અધિક પસંદ કરે છે. એમાં પ્રેમ નામનું ઝરણું જાણે સૂકાવા લાગ્યું છે. દરેક જગ્યાએ પ્રેમ, શાંતિ, એકતા, લાગણી, મમતા, કરુણા, દયા અને ભલાઈના સ્થાને નકારાત્મક આવેગ અને નકારાત્મક ભાવ જોવા મળે એવી સ્થિતિ વધુ છે.

પ્રેમ એટલે સ્વાર્થની રેલગાડી નહીં પરંતુ લાગણીનું જેટ પ્લેન. પ્રેમ એક જાદુઈ વનસ્પતિનું કામ કરે છે. પરંતુ પ્રેમ જેવા દિવ્ય ભાવમાં સ્વાર્થની ભેળસેળ થવી જોઈએ નહીં. સ્વાર્થ હોય ત્યાં પ્રેમ ટકી શકે નહીં. જ્યારે કોઈ પણ પ્રકારના હેતુ કે આશય કે સ્વાર્થ છુપાયેલો હોય ત્યાં પ્રેમનું ઝરણું ફૂટી શકે નહીં યા તો પ્રેમનું ઝરણું આવા નકારાત્મક ભાવો વ્યક્ત થયા પછી સૂકાતું જાય છે.

એક યુવાન અને એક યુવતીની છોટી સી પ્રેમ કહાની છે. એમાં જો કે પ્રેમ ઓછો છે અથવા નથી યા તો પ્રેમનું બાષ્પીભવન થતું જાય છે અને સંબંધ ઉપર સ્વાર્થ કબજો કરી લે છે. એક ગામના નગરશેઠના યુવાન દીકરાને ગામની જ સામાન્ય પરિવારની યુવતી સાથે પ્રેમ થઈ ગયો. યુવતીના મા-બાપ ગરીબ અને ખેતમજૂર હતા. યુવતી અને યુવક ગામની નજીકના શહેરની કોલેજમાં ભણતા હતા.

બેઉ યુવક-યુવતી પોતાનો ડિગ્રી કોર્સ પૂરો કર્યા બાદ લગ્ન કરીને એક નવા જીવનની શરુઆત કરવા માગતા હતા. પ્રેમ અને આગને ઢાંકી શકાય નહીં. પ્રેમ અને આગને છુપાવી ન શકાય. એ તો છાપરે ચઢીને પણ પોકાર કરે. નગરશેઠના યુવાન દીકરા અને પેલી યુવતીના સંબંધ વિશે હવે આખા

**જ્યારે કોઈ પણ પ્રકારના હેતુ કે આશય કે સ્વાર્થ છુપાયેલો હોય ત્યાં પ્રેમનું ઝરણું ફૂટી શકે નહીં યા તો પ્રેમનું ઝરણું આવા નકારાત્મક ભાવો વ્યક્ત થયા પછી સૂકાતું જાય છે**

ગામને ધીમે ધીમે ખબર પડવા માંડી. તરેહ તરેહની ચર્ચાઓ પણ થતી રહેતી.

નગરશેઠે તો એક વાર દીકરાને પાસે બેસાડીને કહી પણ દીધું કે લગ્નસંબંધ સહિત કોઈ પણ સંબંધ હંમેશા બરાબરીવાળા લોકો સાથે જ કરવો જોઈએ. ત્રાજવાના બેઉ પલ્લા સમાન હોય તો જ સમતુલા – બેલેન્સ જળવાતું હોય છે. જો એક પલ્લુ નમતું હોય કે ઊંચે જતું હોય તો એવા સંબંધનો અંજામ જલદીથી વિચ્છેદ સિવાય બીજો કોઈ ન હોઈ શકે.

પિતાની વાત તો સાચી હતી, પરંતુ દીકરો પોતાના પ્રેમ પ્રત્યે મક્કમ અને વફાદાર પણ હતો. હવે આ તરફ એવું બન્યું કે કોલેજના ડિગ્રી કોર્સ પછી કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા. એમાં નગરશેઠના દીકરાને અને તેને ચાહનારી યુવતીને પણ એવરેજ પે-પેકેજની જોબ ઓફર મળી. આ જ વખતે તેમની સાથે જ ભણતા એક તેજસ્વી યુવાનને સૌથી મોટા પે-પેકેજની જોબ ઓફર મળી, જે તેણે સ્વીકારી લીધી.




ડિગ્રી કોર્સમાં કોલેજમાં જ નહીં, સમગ્ર યુનિવર્સિટીમાં એ યુવાન પ્રથમ આવ્યો હતો. જેને પેલી યુવતી પણ સારી રીતે ઓળખતી હતી અને તેના સંપર્કમાં પણ હતી. એમ કહી શકાય કે તેજસ્વી યુવાન નગરશેઠના દીકરાનો મિત્ર હતો એવી જ રીતે નગરશેઠના દીકરાને ચાહતી યુવતીને પણ એ તેજસ્વી યુવાન સાથે મિત્રસંબંધ હતો જ.

આ જ સમયગાળામાં એક ટર્નિંગ પોઈન્ટ આવ્યો. યુવાનની જિંદગીમાં બે ઘટના બની. જે ઘટનાઓએ તેને ભીતરથી હચમચાવી નાખ્યો અને તેને સાચા પ્રેમની પરિભાષાનો પણ ખ્યાલ આવી ગયો. પહેલી ઘટના તો નગરશેઠ ધંધામાં નુકસાન ભોગવીને અચાનક સાવ સાધારણ આર્થિક સ્થિતિમાં આવી ગયા. જેની ચર્ચા આખા ગામમાં થવા લાગી હતી. બીજી તરફ આર્થિક રીતે પાયમાલ થયેલા નગરશેઠના દીકરા-પ્રેમીનો સાથ છોડીને પેલી યુવતીએ પોતાની સાથે જ કોલેજમાં ભણી ચુકેલા પેલા તેજસ્વી યુવાન સમક્ષ પ્રેમલગ્નનો પ્રસ્તાવ મૂક્યો, જે પેલા યુવાને તરત જ સ્વીકારી પણ લીધો.

પ્રેમમાં નિષ્ફળ રહેલા નગરશેઠના યુવાન દીકરાને પોતાના પિતાએ કહેલી વાતો યાદ આવી. તેને પ્રેમના નામે સ્વાર્થ અને દગો-ફટકો મળ્યો એ વાતની પ્રતીતિ તેને થઈ ગઈ. યુવતીનું અંતિમ લક્ષ્ય પ્રેમ નહીં, પરંતુ પોતાની ભાવિ જિંદગી સુખમય અથવા એશોઆરામવાળી કઈ રીતે બનાવી શકાય તે જ હતું. યુવતીએ પરિસ્થિતિ અને સંજોગો પ્રમાણે બદલાવવાનું પસંદ કર્યું અને પૈસા ખાતર પ્રેમને તરછોડી દીધો.

સ્ટોપર :

'પૂછા જો ઉસને, કયા ચલ રહા હે?
હમને ભી કહ દીયા, સાંસે...'

# ત્રણ રિક્ષાવાળા...!! સાહેબ, અમારે રાજકારણ, ક્રિકેટ અને ફિલ્મ સિવાય પણ મોજ છે...!!

બે મહિના પહેલાની મુંબીની વાત છે. કુંતલ નિમાવત શિવાજી નાટ્યગૃહ જવા માટે રિક્ષામાં સવાર થાય છે. એટલામાં એમના મોબાઈલ પર કોઈનો ફોન આવે છે, અને એમની વાતચીત પરથી રિક્ષાવાળા કાકાને ખબર પડી જાય છે કે કુંતલનો નાટકનો પ્રયોગ છે. કુંતલે ફોન મુકતા થોડો સમય એમ જ શાંત પસાર થાય છે અને કાકાની બોલિંગ શરુ થાય છે.



રિક્ષાવાળો - ૧ : કેટલાં મળે છે?

કુંતલ : શું ?

રિક્ષાવાળો - ૧ : નાટકમાં કામ કરો છો ને? એટલે એક શોના કેટલાં મળે છે?

કુંતલ : એટલે એ તો નાટક પર આધાર રાખે છે.

રિક્ષાવાળો - ૧ : પાંચસોના ગાંધી દેખાય છે?

કુંતલ : હોતું હશે... ગુલાબી ગાંધી, બે હજારવાળા દેખાય છે.

રિક્ષાવાળો - ૧ : એમ !!!

(આટલાં બધા ઉદ્‌ગાર વાચક કાકાને પાનની થૂંકેલી પિકચારી પરથી ખબર પડી ગઈ)

રિક્ષાવાળો - ૧ : આજ કરો છો કે નોકરી - બોકરી છે?

કુંતલ : આજ હોં....

રિક્ષાવાળો - ૧ : એટલે ફિલ્મમાં પણ કામ કરો છો?

કુંતલ : તમે છેલ્લો દિવસ, રોંગ સાઈડ રાજુ, પ્રેમજી... જોઈ છે ?

રિક્ષાવાળો - ૧ : એ શું છે ?

કુંતલ : સુપરહીટ પિકચર છે, યાર!

રિક્ષાવાળો - ૧ : 'શોલે' અને 'ભાથીજી મહારાજ' પછી એકેય ફિલ્મ જોઈ નથી.

કુંતલ : શું વાત કરો છો? એ કેવી રીતે શક્ય છે?

રિક્ષાવાળો - ૧ : શોલે પછી બંધ... કેટલાં વરસ થયાં ?

કુંતલ : પણ કેમ ? તમને ઈચ્છા નથી થતી? ફિલ્મ જોવાની!

રિક્ષાવાળો - ૧ : ટાઈમની બરબાદી અને પૈસાની પણ... એટલા ત્રણ કલાકમાં તો ત્રણસો કમાવાય.

કુંતલ : બહુ કહેવાય, કેટલી સારી ફિલ્મો આવે છે, જોતા હોય તો.

રિક્ષાવાળો - ૧ : ન જોઈને કંઈ અડી પડ્યું હોય એવું લાગતું નથી.

(કુંતલ નિમાવત એની વાત સામે હારી ચૂક્યો હતો, એણે મોબાઈલ કાઢી ખાલી-ખાલી અંદર જોવાનો પ્રયત્ન કરી ચૂપકીદી સેવી લીધી)

આવો જ બીજો પ્રસંગ ૨૦૦૬-૦૭ની આસપાસને. એ વખતે મનસે (મહારાષ્ટ્ર નવનિર્માણ સેના) જોરમાં હતી. કુંતલ નિમાવતે અંધેરી પૂર્વથી

**જિંદગીમાં જે કોઈ જે કંઈ શીખવે તે શીખી લેવાય, કયો પાઠ કયારે કયાં કામ લાગી જાય કોને ખબર!**

અંધેરી પશ્ચિમનો ખડતર પ્રવાસ કરતો હતો. હા, રિક્ષામાંથી જ... એણે ઈમર્જન્સી કીધેલી જ હતી એટલે એ ભાઈ પણ ગલી - કુચીમાંથી રિક્ષા ભગાવતો હતો. ત્યાં જ એક 'મી મરાઠા' લખેલી બાઈક ટક્કર મારી, બાઈકવાળાએ, 'ઓ ભૈયા...' કહીને ગાળ કાઢી, સામે ભૈયાએ પણ એવી જ મરાઠીમાં, 'તારી...' કહીને સામે જોખાવી. કુંતલને તો એની મરાઠી સાંભળી આશ્ચર્ય થયું. માથામાં ચપોચપ ચમેલુંનું તેલ અને મોંઢામાં પાન ભૈયાનું સર્ટિફિકેટ આપવા પૂરતું હતું. ભૈયાજીનો પ્રકોપ શાંત થતાં કુંતલે પૂછ્યું,

કુંતલ : આપકો મરાઠી આતી હે ?

રિક્ષાવાળો - ૨ : બંબઈમેં રહેના હે તો આની ચાહીએ.

કુંતલ : બંબઈ નહીં, મુંબઈ. બંબઈ બોલો ગે તો રાજસાહબ નારાજ હો જાયેગેં.

રિક્ષાવાળો - ૨ : કૌન રાજસાબ?

કુંતલ : રાજસાહબ, યાને રાજ ઠાકરે !

રિક્ષાવાળો - ૨ : ઉ કૌન હે ?

(આશ્ચર્યના ધક્કાથી કુંતલભાઈ રિક્ષામાંથી પડતાં પડતાં બચ્યાં)

કુંતલ : આપકો રાજ ઠાકરે નહીં પતા ?

રિક્ષાવાળો - ૨ : ઠાકરેરેરે... વો તો હે ના, અપને બાલાસાહબ!

કુંતલ : આપ, અખભાર નહીં પઢતે કયાં ?




રિક્ષાવાળો - ૨ : નહીં ભૈયા, ટાઈમ કહાં મિલતાં હે ?

કુંતલ : તો ફીર આસપાસને કયાં હોતા હે? દેશ-દુનિયામેં કયા હોતા હે, આપ કો કૈસા ચલેગા?

રિક્ષાવાળો - ૨ : હમકો અંધેરી સે લે કે વિચાર તક હર રાસ્તા, હર ગલી પતા હે, બાકી કુછ નહીં, ઔર જાનકર કરેંગે ભી કયાં ?

કુંતલ : આપ કુછ પઢતે-બીઢતે નહીં હોં ?

રિક્ષાવાળો - ૨ : રિક્ષા કા કાર્ડ પઢતે હે ઔર ગાંવ સે ભાઈ કી ચિઠ્ઠી આતી હે, ઉ પઢતે હે !

(કુંતલને તો આ રિક્ષાવાળો આઠમી અજાયબી જેવો લાગ્યો, છાપું ય વાંચે નહીં? દુનિયામાં શું થાય, કોઈ લેવા દેવા નહીં?)

અને હવે ત્રીજો અનુભવ... અમદાવાદ શહેર અને ભારત પ્રથમ ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યું એ દિવસ, લગભગ ૨૦૦૭ની સાલ હશે. કુંતલ એમના 'જાદુગર' નાટકનું રિહર્સલ ઝટપટ પતાવી ઘરે ભાગવાની ઉતાવળમાં હતા. ભારત-પાકિસ્તાન વચ્ચે ફાઈનલ હતી. એમણે મિત્રમાં ગાડીની રાહ ન જોતા રિક્ષા પકડી. છેલ્લી પાંચ -સાંત ઓવર જોવા મળે તોય સારું એવી આશા... પણ રિક્ષાવાળા કાકા ત્રીસથી આગળ સ્પિડ વધારતાં નહોતા. કુંતલનો જીવ અધ્ધર થતો હતો, છેવટે એ બોલ્યો,

કુંતલ : કાકા, જરા ઝડપી ચલાવો ને!

રિક્ષાવાળો - ૩ કેમ ? ટ્રેન પકડવાની છે?

કુંતલ : ના... ના... પણ જરા જલ્દી ચલોને, પ્લીઝ

રિક્ષાવાળો - ૩ : જો ભાઈ, આનાથી ફાસ્ટ નહીં ચાલે, તમારે રિક્ષા બદલવી હોય તો બદલી શકો છો.

(કુંતલે રિક્ષાની બહાર નજર ફેરવી, બધાં ટીવી સામે હતાં, કોઈ રિક્ષા દેખાતી નહોતી, એને ખબર પડી ગઈ...)

કુંતલ : ભાઈ, મને કયાં અહીં બીજી રિક્ષા મળશે?

(એ મનમોહનની જેમ કંઈ પણ બોલતા રિક્ષા ચલાવતા રહ્યા.)

કુંતલ : અરે ! ટી-૨૦ની ફાઈનલ ચાલુ છે. છેલ્લી ઓવરો જોવા મળશે એટલે રિક્ષા કરી છે, ભગાવોને યાર...

રિક્ષાવાળો - ૩ : મારી સાથે વાત કરો છો?

કુંતલ : હવે, તમારા સિવાય બીજું કોણ છે? ટી-૨૦ ની ફાઈનલ....

રિક્ષાવાળો - ૩ (ઘબરાઈને) ટીક ટ્વેન્ટી કેમ જોઈએ છે, તમારે ?

કુંતલ : અરે! ટી-૨૦, ટી-૨૦ વર્લ્ડ કપ ચાલું છે, ફાઈનલ છે...

રિક્ષાવાળો - વર્લ્ડ કપ ? એટલે ક્રિકેટ છે?

કુંતલ : ઉ તમે જોતા નથી મેચ ?

રિક્ષાવાળો - ૩ : ખબર જ નથી પડતી આ ક્રિકેટમાં...

કુંતલ : એમાં શું ખબર પાડવાની? એકદમ સહેલું છે.

રિક્ષાવાળો - ૩ : એટલું સહેલું છે, તો ટાય પહેરેલા સાહેબો આટલી ગંભીરપણે ચર્ચા શાની કરતા હોય છે?

અનુસંધાન પાના નં. ૭ પર